R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/31-12-2017. Licensed to post without pre-payment Licence No. CPMG/GJ/99/2017 to Post at MBC-Sector-16, PO Gandhinagar on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ-૩૮ ● તા. ૨૫મી મે, ૨૦૧૬ ● અંક નં. ૧૫

# ગુજરાત રોજગાર સમાચાર

તંત્રી : એ.જે.શાહ

સંપાદક : અરવિંદ આર. પટેલ, પુલક ત્રિવેદી   કાર્યવાહક સંપાદક : રતિલાલ તુરી   સહસંપાદક : મિનેષ ત્રિવેદી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. આ ઉપરાંત કોમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફિસોમાં લવાજમ (સર્વિસ ચાર્જ સાથે) સ્વીકારવામાં આવે છે.*

*વેબસાઈટ :* www.gujaratinformation.net   www.facebook.com/gujaratinformation.official   Phone No. : 079-232-53440

## ભારતીય નૌકાદળ

# ખલાસી તરીકે ખડતલ કારકિર્દીની તક

ભારતીય નૌકાદળ અત્યાધુનિક યુદ્ધ જહાજો, સબમરીન, એરક્રાફ્ટ ધરાવે છે. તેમાં મુકવામાં આવેલ મશીનરી, શસ્ત્રો, રડાર અને અન્ય ઉપકરણોના સંચાલન અને જાળવણી માટે ખલાસી (સેઈલર) ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ ખલાસીઓને આઈ.એન.એસ., ચિલ્કા, જિલ્લો-ખુરદા (ઓરિસ્સા)માં પાયાની તાલીમ આપવામાં આવે છે. ત્યારપછી દેશભરમાં આવેલા ભારતીય નૌકાદળના વિવિધ સાહસોમાં સઘન તાલીમ આપવામાં આવે છે. વિદેશમાં પણ તાલીમ અર્થે મોકલવામાં આવે છે. ભારતીય નૌકાદળ દ્વારા **સિનિયર સેકન્ડરી રિક્રૂટસ**(SSR)**માં** ખલાસીઓની નિમણૂક માટે **ફેબ્રુઆરી-૨૦૧૭**ની બેચમાં શરૂ થતાં કોર્સ માટે અપરિણીત ભારતીય પુરૂષ ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.

**ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૦૫-૬-૨૦૧૬**

❑ **શૈક્ષણિક લાયકાત :** મેથ્સ અને ફિઝિક્સ ફરજિયાત વિષય તથા કેમિસ્ટ્રી/બાયોલોજી/કોમ્પ્યુટર્સ સાયન્સ વૈકલ્પિક વિષયો સાથે ૧૦+૨ અથવા તેને સમકક્ષ.

❑ **વયમર્યાદા :** ઉમેદવાર ૧-૨-૧૯૯૬ થી તા. ૩૧-૧-૨૦૦૦ વચ્ચે જન્મેલા હોવા જોઈએ. (બંને દિવસ સાથે ગણવા).

❑ **પગાર અને અન્ય ભથ્થાં :**

♦ પ્રારંભિક તાલીમ દરમ્યાન પ્રતિમાસ રૂ. ૫૭૦૦ સ્ટાઈપેન્ડ મળવાપાત્ર છે. પરંતુ પ્રારંભિક તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ નીચે દર્શાવેલ લઘુતમ પગાર ધોરણ પ્રમાણે તાલીમ સમય દરમ્યાન કુલ ચૂકવવાપાત્ર થતી રકમમાંથી તાલીમ દરમ્યાન પ્રતિમાસ ચૂકવાયેલ સ્ટાઈપેન્ડની રકમ બાદ કરીને જે રકમ વધે તેટલી રકમ ચૂકવવામાં આવશે.

♦ પ્રારંભિક તાલીમ પૂર્ણ થયા બાદ ઉમેદવારને પ્રતિમાસ રૂ. ૫૨૦૦-૨૦,૨૦૦ + રૂ. ૨૦૦૦ ગ્રેડ પે + રૂ. ૨૦૦૦ મીલીટરી સર્વિસ પે + ડી.એ. મળવાપાત્ર રહેશે.

❑ **બઢતી :** ઉમેદવારને માસ્ટર ચીફ પેટી ઓફિસર-૧ (એટલે કે સુબેદાર મેજર) સુધીની રેન્કમાં બઢતી મેળવવાની તક મળશે. ઉમેદવારનો દેખાવ અવ્વલ હશે અને જરૂરી પરીક્ષાઓમાં યોગ્યતા પ્રાપ્ત કરશે તો તેને કમિશન ઓફિસર તરીકે બઢતીની પણ તક મળી શકશે.

❑ **અન્ય સવલતો :**

♦ તાલીમ સમય અને ત્યારબાદ ખલાસીઓને નિ:શૂલ્ક ધોરણે પુસ્તકો, વાંચનસામગ્રી, ગણવેશ, ભોજન અને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવશે.

♦ ખલાસીઓ પોતાના અને કુટુંબના સભ્યો માટે તબીબી સારવાર, રજા પ્રવાસ રાહત મેળવી શકે છે. ગ્રુપ હાઉસીંગના લાભો અને અન્ય સરકારી ખર્ચાઓમાં છૂટછાટ મેળવી શકે છે. વીમા કવચ મેળવી શકે છે. તદ્ઉપરાંત ખલાસીઓને દર વર્ષે ૬૦ દિવસની વાર્ષિક અને ૩૦ દિવસની પરચૂરણ રજા મળવાપાત્ર છે. નિવૃતિ સમયે વિવિધ લાભો જેવા કે પેન્શન, ગ્રેજ્યુઈટી અને રજાનું રોકડમાં રૂપાંતર મેળવવા હક્કદાર બનશે. બાળકોની શિક્ષણ ફી અને ઘરભાડા ભથ્થું પણ મળી શકશે.

❑ **પસંદગી પ્રક્રિયા :** ઉમેદવારોની પસંદગી લેખિત પરીક્ષા, શારીરિક સુસજ્જતા કસોટી અને તબીબી પરીક્ષણ દ્વારા કરવામાં આવશે.

♦ **લેખિત પરીક્ષા :** પ્રશ્નો હેતુલક્ષી હશે. પ્રશ્નપત્રો હિન્દી/અંગ્રેજી એમ બંને ભાષામાં રહેશે. પરીક્ષામાં અંગ્રેજી, સાયન્સ, મેથ્સ અને જનરલ નોલેજ એમ ચાર ભાગ રહેશે. પરીક્ષાનું ધોરણ ૧૦+૨ સમકક્ષ રહેશે. પરીક્ષાનો અભ્યાસક્રમ **વેબસાઈટ : www.joinindiannavy.gov.in** પરથી જોઈ શકાશે. પરીક્ષાનો સમય એક કલાકનો રહેશે.

♦ **શારીરિક સુસજ્જતા કસોટી (PFT) :** ઉમેદવારોએ ૭ મિનિટમાં ૧.૬ કિ.મી.નું અંતર દોડથી પૂર્ણ કરવાનું રહેશે. ૨૦ ઉઠક બેઠક, ૧૦ પુલ-અપ્સ કરવાના રહેશે. PFT માં ઉમેદવારે સ્વયંના જોખમે ભાગ લેવાનો રહેશે.

❑ **તબીબી ધોરણ :** ખલાસીઓના પ્રવેશ માટે જરૂરી પ્રવર્તમાન નિયમનોમાં દર્શાવેલ તબીબી ધોરણોની ચકાસણી સક્ષમ મિલિટરી ડૉક્ટર્સ દ્વારા કરવામાં આવશે. ઉમેદવારની ઊંચાઇ ૧૫૭ સેમી. હોવી જોઈએ. ઊંચાઈના પ્રમાણમાં જરૂરી વજન અને સુદૃઢ છાતી ૫ સે.મી.ના ફુલાવા સાથે હોવી જરૂરી છે. ઉમેદવાર સારૂં માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ધરાવતા હોવા જોઈએ. કોઈપણ પ્રકારના રોગ-ખામીથી મુક્ત હોવા જોઈએ. વળેલા ઘૂંટણ, સપાટ તળીયા, ઉપસેલી નસો હોવી ન જોઈએ. કાનમાં બહેરાશ કે અન્ય ઉણપ ન હોવી જોઈએ. ખેંચ કે વાઈનું દર્દ કે માનસિક રોગના લક્ષણો હોવા ન જોઈએ. ઊંચાઈ ઓછામાં ઓછી ૧૫૭ સે.મી. હોવી જોઈએ. કલર CP-II હોવો જોઈએ. ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તબીબી પરિક્ષણ અગાઉ તેમના કાન ચોખ્ખા કરાવે તથા દાંત સાફ કરાવી લે.

❑ **દૃષ્ટિનું ધોરણ :** ઉમેદવાર ચશ્મા સાથે સારી અને ખરાબ આંખ વડે ૬/૬, ચશ્મા વિના સારી આંખ વડે ૬/૬ અને ખરાબ આંખ વડે ૬/૯ નું દૃષ્ટિ ધોરણ ધરાવતા હોવા જોઈએ.

♦ જે ઉમેદવારોને કોઈપણ સંરક્ષણ દળની પાંખ દ્વારા કાયમી ધોરણે તબીબી દૃષ્ટિએ અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હોય, અગાઉ આ જ નિમણૂક સમયે હોસ્પિટલમાં ગયા હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહીં.

♦ **અંતિમ નિમણૂક સમયનું તબીબી પરીક્ષણ :** જે ઉમેદવારોને અંતિમ નિમણૂક માટેના કોલ લેટર મોકલવામાં આવ્યા છે. તેઓએ આઈએનએસ-ચિલ્કા ખાતે અંતિમ તબીબી પરીક્ષણ માટે ઉપસ્થિત થવાનું રહેશે. આ પરીક્ષણ દરમ્યાન અનફીટ જાહેર થનાર ઉમેદવારની તાલીમ માટે નોંધણી કરવામાં નહિ આવે. આ પરીક્ષણ સામે કોઈપણ પ્રકારની મેડિકલ અપીલ થઈ શકશે નહિ.

❑ **તાલીમ અને પ્રારંભિક નિમણૂક :**

♦ **તાલીમ :** કોર્સ માટેની ૨૨ સપ્તાહની પાયાની તાલીમનો તા. **ફેબ્રુઆરી-૨૦૧૭**ના રોજ આઈએનએસ-ચિલ્કા ખાતે પ્રારંભ થશે. ત્યારબાદ ભારતીય નૌકાદળના વિવિધ જહાજો અને વિભાગોમાં જે તે ટ્રેડમાં વ્યવસાયિક તાલીમ લેવાની રહેશે. સેવાની જરૂરિયાત અનુસાર ઉમેદવારોને બ્રાંચ/ટ્રેડની ફાળવણી કરવામાં આવશે.

♦ તાલીમ દરમ્યાન નોંધપાત્ર દેખાવ ન કરી શકનાર ખલાસીને અયોગ્ય ગણી છૂટા કરી શકાશે.

♦ પાયાની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર ખલાસીને ૧૫ વર્ષ માટે નિમણૂક આપવામાં આવશે.

❑ **પસંદગી પ્રક્રિયા :**

♦ અરજીઓ માત્ર સાદી ટપાલથી જ મોકલવી. સ્પીડ પોસ્ટ, રજિસ્ટર્ડ પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલવામાં આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

♦ તારવણીનો આધાર શૈક્ષણિક સિદ્ધિ અને ટકાવારી છે.

♦ તારવણી બાદ લાયકાત ધરાવતા ઉમેદવારોને સપ્ટેમ્બર-ઓકટોબર-૨૦૧૬માં યોજાનાર રિક્રૂટમેન્ટ ટેસ્ટ માટેની તારીખ, સમય અને સ્થળ વિશે જાણકારી અપાતા કોલઅપ લેટર્સ મોકલવામાં આવશે.

♦ સિલેકશન ટ્રાયલ વખતે બધા અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.

♦ લેખિત પરીક્ષાનું પરિણામ તેજ દિવસે જાહેર કરી દેવાશે.

♦ લેખિત પરીક્ષામાં સફળ થયેલા ઉમેદવારોએ ત્યારબાદ PFT અને તબીબી પરીક્ષણમાંથી પસાર થવાનું રહેશે.

♦ મેડિકલી ટેમ્પરરી અનફીટ તરીકે જાહેર થયેલા ઉમેદવારોએ પુનઃસમીક્ષા માટે તબીબી પરિક્ષણ માટેની તારીખથી વધુમાં વધુ ૨૧ દિવસમાં જણાવવામાં આવેલી મીલીટરી હોસ્પિટલમાં રિપોર્ટ આપવાનો રહેશે.

♦ જે ઉમેદવાર તબીબી રીતે કાયમી અનફીટ જાહેર થયા હોય તેઓ મીલીટરી હોસ્પિટલનો સ્પેશ્યાલિસ્ટ ઓપીનિયન મેળવવા માટે ૨૧ દિવસમાં સરકારી તિજોરી મારફતે રૂા. ૪૦નો મીલીટરી રિસિવેબલ ઓર્ડર (MRO) ચૂકવી અપીલ કરી શકે છે.

♦ જણાવવામાં આવેલી મીલીટરી હોસ્પિટલ સિવાય અન્ય હોસ્પિટલમાંથી મેળવવામાં આવેલું મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ માન્ય રાખવામાં આવશે નહીં.

♦ બધી રીતે લાયક પૂરવાર થયેલા ઉમેદવારોની જગાની ઉપલબ્ધતાના આધારે તારવણી કરવામાં આવશે.

♦ જે બેચ માટે ઉમેદવારની પસંદગી થઈ હોય તે જ બેચ માટે તે લાયક ગણાશે.

♦ છ માસ પછી નિમણૂક/એનરોલમેન્ટ માટેની પૂછપરછ વિચારણામાં લેવાશે નહીં.

*(અનુસંધાન પાન નં. ૩ ઉપર..)*

# બોર્ડર સિક્યુરીટી ફોર્સ

## આસિ.સબ ઈન્સ્પેક્ટર/હેડ કોન્સ્ટેબલની ભરતી

**ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : ૧૫-૭-૨૦૧૬**

❑ જગાની સંખ્યા : ૪૭૦

| Post | Category | 60 % QUOTA AGAINST DIRECT ENTRY: 10 % ex-service men | 5% compassionate ground | Remaining vacancy | 40 % QUOTA AGAINST DEPARTMENTAL( BSF SERVING PERSONNEL) | G/Total |
|---|---|---|---|---|---|---|
| ASI (RM) | UR | 05 | 02 | 38 | 31 | 76 |
| | OBC | 03 | 01 | 21 | 16 | 41 |
| | SC | 01 | 01 | 12 | 09 | 23 |
| | ST | 01 | 00 | 06 | 05 | 12 |
| | **Total** | **10** | **04** | **77** | **61** | **152** |
| HC (RO) | UR | 19 | 10 | 165 | 129 | 323 |
| | OBC | 02 | 01 | 15 | 12 | 30 |
| | SC | 03 | 02 | 26 | 21 | 52 |
| | ST | 04 | 02 | 33 | 26 | 65 |
| | **Total** | **28** | **15** | **239** | **188** | **470** |

**Note 1 :** Vac. reserved for ex-servicemen will be filled by the candidate of open category within the respective quota. if uitable candidates of ex-serviceman categories are not available.

**Note 2 :** Vacancy reserved for BSF serving personnel will be filled from open recruitment within the respective quota if suitable department candidates will not be available.

**Note 3 :** Application of Govt. servants/BSF candidates will not be entertained without NOC/DISC Vigilance certificate, Medical Certificate and bio-data of the individual from their appointing authority.

**Note 4 :** The number of Vacancy given above are subjected to increase or decrease. Amendment for change in vac. position/ schedule of recruitment may be inquired from BSF website time to time.

**Note 5 :** Candidates can apply for Both the posts i.e. ASI/RM & HC/RO together depending their eligibility for the respective posts. However separate application form and fee will be required for each post. Candidates will have to appear in written test for the applied posts saparately as per schedule fixed by HQ DG BSF.

❑ **પગારધોરણ :** હેડ કોન્સ્ટેબલ (રેડિયો ઓપરેટર) માટે પગાર ધોરણ રૂા. ૫૨૦૦-૨૦૨૦૦+રૂા. ૨૪૦૦ ગ્રેડ પે. આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (રેડિયો મિકેનિક) માટે રૂા. ૫૨૦૦-૨૦,૨૦૦ +રૂા. ૨૮૦૦ ગ્રેડ પે. **અન્ય લાભો :** કેન્દ્ર સરકારના કર્મચારીઓને મળતાં મોંઘવારી ભથ્થાં, અન્ય ભથ્થાં, રજા પ્રવાસ રાહત, તબીબી સારવાર મળવાપાત્ર છે. તદ્ ઉપરાંત, દળના સભ્યોને ભાડામુક્ત આવાસ સુવિધા, રેશન મની અથવા મફત રેશન મળી શકશે. ૨૦૦૩ બાદ નવી નિમણૂક મેળવનાર દળના સભ્યને નવી પેન્શન યોજના હેઠળ સમાવી લેવામાં આવશે. (સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ-એક્સ્ટ્રા ઓર્ડિનરી પેન્શન સુધારણા નિયમો-૨૦૦૩).

♦ એક્સ-સર્વિસમેન અને આશ્રિતોની નિમણૂક માટેની અનામત જગાઓ જો આ કેટેગરીના યોગ્ય ઉમેદવારો નહિ મળે તો ઓપન કેટેગરી દ્વારા ભરવામાં આવશે.

♦ ઉપર દર્શાવેલ જગાની સંખ્યા અંદાજીત છે અને બીએસએફ એચક્યુઆરએસ દ્વારા ગમે તે તબક્કે ફેરફારને આધિન છે.

❑ **પાત્રતાની શરતો :**

❑ **હેડ કોન્સ્ટેબલ (રેડિયો ઓપરેટર)**

♦ **શૈક્ષણિક લાયકાતો :** મેટ્રિક અથવા સમકક્ષ વત્તા રેડિયો અને ટી.વી./ઇલેક્ટ્રોનિક્સમાં ૨ વર્ષનું આઈ.ટી.આઈ. સર્ટિફિકેટ **અથવા** માન્ય શિક્ષણ બોર્ડમાંથી ઈન્ટરમિડિયેટ અથવા ૧૦+૨ અથવા સમકક્ષ પરીક્ષા ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત સાથે

❑ **શૈક્ષણિક લાયકાત : આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (રેડિયો મિકેનિક) :** મેટ્રિક અને સાથે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર માન્ય સંસ્થામાંથી રેડિયો અને ટી.વી. ટેકનોલોજી અથવા ઈલેક્ટ્રોનિક્સ અથવા ટેલિકોમ્યુનિકેશન અથવા કોમ્પ્યુટર અથવા ઈલેક્ટ્રિકલ અથવા મિકેનિકલ એન્જિનિયરિંગ અથવા ડોમેસ્ટિક એપ્લાયન્સીઝનો ડિપ્લોમા અથવા માન્ય બોર્ડ અથવા સંસ્થામાંથી પસંદગીના વિષયો ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથેમેટિક્સ સાથે કુલ ૫૦ ટકા ગુણ સાથે ૧૦+૨ અથવા ઈન્ટરમિડિયેટ અથવા સમકક્ષ પરીક્ષા પાસ.

❑ **વયમર્યાદા :** (૧) બંને કેટેગરી માટે માટે તા. ૧૫-૭-૨૦૧૬ના રોજ ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઈએ નહિ.

♦ અ.જા./અ.જ.જા. સહિત સરકારી કર્મચારીઓ (બી.એસ.એફ.માં સેવારત જવાનો સહિત) ને ઉપલી વય મર્યાદામાં પાંચ વર્ષ, અ.પ.વ. ના ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટ ઉપલી વય મર્યાદામાં મળી શકશે.

♦ ૧૯૮૪ અને ૨૦૦૨ના રમખાણોમાં માર્યા ગયેલા ઈસમોના બાળકો અને આશ્રિતોને મહત્તમ વયમાં પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર છે. તે માટે જિલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અનામત વર્ગના ઉમેદવારોને મળવાપાત્ર છૂટછાટ વધારાની ગણાશે.

❑ **શારીરિક માપદંડ : પુરૂષો માટે :** ઊંચાઇ-૧૬૮ સે.મી, છાતીનું માપ : ૮૦ સે.મી. (ફુલાવ્યા સાથે ૮૫ સે.મી.), વજન : ઊંચાઇને અનુરૂપ. **મહિલાઓ માટે :** ઊંચાઇ-૧૫૭ સે.મી., વજન : ઊંચાઇને અનુરૂપ.

♦ **તબીબી માપદંડ :**

૧. બંને આંખમાં ચશ્મા વિના ઓછામાં ઓછી દૃષ્ટિ ૬/૬ અને ૬/૯

૨. હાઈગ્રેડ કલર વિઝન ટેસ્ટ પાસ.

૩. વાંકા ઘૂંટણ ન હોય, સપાટ તળિયા ન હોય, આંખ ત્રાંસી ન હોય.

૪. ફરજમાં મુશ્કેલી પડે તેવી કોઈપણ શારીરિક ક્ષતિ/ઉણપ ન હોય.

♦ **એક્સ-સર્વિસમેન માટે પાત્રતા :**

૧. લશ્કર, નેવી કે એરફોર્સમાંથી તે જ ટ્રેડમાં ઊંચી રેન્કમાં કે સમકક્ષ નિવૃત્ત થયા હોય.

૨. શારીરિક માપદંડ અને શૈક્ષણિક લાયકાતમાં કુલ છૂટ .

૩. લશ્કરી સેવા ઉપરાંત ૩ વર્ષની ઉંમરમાં છૂટ .

૪. બ્રેક ઈન સર્વિસ ૨ વર્ષથી વધુ નહિ.

૫. મેડિકલ કેટેગરી શેપ-૧.

♦ **આશ્રિતોની નિમણૂક માટે પાત્રતા :**

આશ્રિત તરીકે નિમણૂક મેળવવા માટે અરજી કરતાં ઉમેદવારે બીએસએફ યુનિટ સમક્ષ મૃત જવાનના આશ્રિતો માટેના અરજી ફોર્મની સાથે લાયકાતના પ્રમાણપત્રો ઉપરાંત (૧) મૃત વ્યક્તિનો (ઉમેદવારના પિતા અથવા ભાઈ) ટૂંકો ઇતિહાસ (૨) મૃતકની સર્વિસ બુકમાં ઉમેદવારના નામનો ઉલ્લેખ થયો છે કે નહીં તે તથા (૩) આશ્રિત તરીકે આ પ્રથમ નિમણૂક છે તેવા પ્રમાણપત્રોની ફોટો કોપી સાથે બીડવી.

♦ બી.એસ.એફ.માં કાર્યરત જવાનોએ બી.એસ.એફ.ની વેબસાઈટ જોઈ જવી.

❑ **પસંદગીની પ્રક્રિયા :** પસંદગીની પ્રક્રિયા બે તબક્કામાં યોજાશે.

♦ **પ્રથમ તબક્કો :** લેખિત પરીક્ષા (તા. ૨૫-૯-૨૦૧૬)

પ્રથમ તબક્કામાં બી.એસ.એફ. હેડ ક્વાર્ટસ દ્વારા નિર્ધારીત સિલેકશન સેન્ટર ખાતે ત્રણ કલાકની સમય અવધિવાળી લેખિત પરીક્ષા યોજાશે. લેખિત પરીક્ષામાં નીચે મુજબ ચાર ભાગ રહેશે.

ભાગ-૧ - ફિઝિક્સ - ૬૦ માર્કસ

ભાગ-૨ - મેથેમેટિક્સ - ૬૦ માર્કસ

ભાગ-૩ - કેમેસ્ટ્રી - ૩૦ માર્કસ

ભાગ-૪ - અંગ્રેજી અને જનરલ નોલેજ - ૫૦ માર્કસ

ભાગ-૧ થી ૩માં પ્રશ્નોનું ધોરણ CBSC/રાજ્ય પરીક્ષા બોર્ડના ૧૦ + ૨ /ઈન્ટરમિડિએટ ધોરણને અનુરૂપ રહેશે. જ્યારે ભાગ-૪માં કરન્ટ અફેર્સ, હિસ્ટરી, જીઓગ્રાફી અને જનરલ સાયન્સને લગતાં પ્રશ્નો પૂછવામાં આવશે.

ઉપરના ચારેય ભાગ માટે OMR મુજબનું એક કોમન પેપર રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પૂછવામાં આવશે. પ્રશ્નો હિન્દી અને અંગ્રેજી એમ બંને ભાષામાં પૂછવામાં આવશે.

લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોને જ બીજા તબક્કા માટે બોલાવવામાં આવશે.

♦ **બીજો તબક્કો :** તા. ૨૦-૩-૨૦૧૭થી

♦ **પ્રાથમિક ચકાસણી :** સૌ પ્રથમ પુરુષોની ઊંચાઈ, છાતી અને વજન તથા મહિલા ઉમેદવારોની ઊંચાઈ અને વજનની પ્રાથમિક ચકાસણી કરવામાં આવશે.

♦ **શારીરિક સુસજ્જતા કસોટી :** (PET)પુરૂષ ઉમેદવારો માટે (અ) ૧.૬ કિ.મી.ની દોડ ૬.૫ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. (બ) લાંબોકૂદકો-૧૧ ફૂટ (ત્રણ તક) (ક) ઊંચો કૂદકો -૩.૫ ફૂટ (ત્રણ તક)

મહિલા ઉમેદવારો માટે : (અ) ૮૦૦ મીટરની દોડ ૪ મિનિટમાં પૂર્ણ કરવાની રહેશે. (બ) લાંબા કૂદકો ૯ ફૂટ (ત્રણ તક) (ક) ઊંચો કૂદકો-૮ ફૂટ (ત્રણ તક)

♦ અસલ દસ્તાવોજોની ખરાઈ

♦ હેડ કોન્સ્ટેબલ રેડિયો ઓપરેટર માટે અંગ્રેજીમાં ડિક્ટેશન ટેસ્ટ-૧૦ માર્કસ

♦ બીએસએફ મેડિકલ ઓફિસર દ્વારા અંતિમ તબીબી પરિક્ષણ : ઉપરના તમામ તબક્કમાં સફળ થયેલા ઉમેદવારોની ફીટનેસ ચકાસવા તેઓનું સઘન તબીબી પરિક્ષણ કરવામાં આવશે.

❑ **તબીબી પરીક્ષા સામે અપીલ :** અંતિમ તબીબી પરીક્ષામાં અનફીટ જાહેર કરવામાં આવેલ ઉમેદવાર આ અંગેનો પત્ર મળે ત્યારથી ૧૫ દિવસની અંદર **રૂા. ૫૦/-** નો ડિમાન્ડ ડ્રાફ્ટ (માત્ર અ.પ.વ./સામાન્ય વર્ગ માટે) સાથે રાખી **IG (Comm. & IT), HQ-DG-BSF, New Delhi** ને રી-મેડિકલ એક્ઝામિનેશન માટે અરજી કરી શકે છે. ડિમાન્ડ ડ્રાફ્ટ **DDO, FHQ, BSF, NEW DELHI** ના નામે નવી દિલ્હી ચૂકવવાપાત્ર હોવો જોઈએ. ઉમેદવારોએ પ્રિસાઈડીંગ ઓફિસર દ્વારા મોકલવામાં આવેલ નિયત નમૂનામાં પોતે મેડિકલી ફીટ છે તેની સાબિતી મોકલવાની રહેશે.

♦ શારીરિક ક્ષમતા ટેસ્ટ (પીઈટી) પાત્રતાનો ટેસ્ટ છે. ઉમેદવારે તમામ પીઈટી ઈવેન્ટમાં જણાવ્યા પ્રમાણે પાત્રતા મેળવવી પડશે. જે ઉમેદવાર ૧.૬ કિ.મી. રેસ ૬.૫ મિનિટમાં પૂરી કરશે તેને લોંગ જંપમાં ભાગ લેવા દેવામાં આવશે. જો ઉમેદવાર કોઈપણ ઈવેન્ટમાં કોઈપણ તબક્કે નિષ્ફળ જશે તો તેમને બાકીની ઈવેન્ટમાં ભાગ લેવા દેવામાં નહિ આવે. જે ઉમેદવાર શારીરિક પરીક્ષણમાં, લેખિત પરીક્ષા, ડિક્ટેશન ટેસ્ટ (હે.કો. રેડિયો ઓપરેટર માટે), દસ્તાવેજ ચકાસણી અને પર્સનલ ઇન્ટરવ્યૂમાં પાત્ર હશે તેને મેડિકલ પરીક્ષણ માટે બોલાવાશે. જે બીએસએફના મેડિકલ ઓફિસર લેશે. લેખિત ટેસ્ટ, ડિક્ટેકશન ટેસ્ટ અને ઈન્ટરવ્યૂમાં મેળવેલ ગુણને આધારે તૈયાર થનાર મેરીટ મુજબ અંતિમ પસંદગી થશે. ઉમેદવારે ૪ કે તેથી વધુ દિવસ માટે તૈયારી સાથે આવવું.

❑ **ફી :** અ.પ.વ./સામાન્ય વર્ગના ઉમેદવારોએ અરજી સાથે અરજી ફી રૂપે રૂા. ૫૦ નો ડિમાન્ડ ડ્રાફ્ટ/ભારતીય પોસ્ટલ ઓર્ડર **'the Inspector General** અથવા **'DIG/ Comdt'** ના નામે જ્યાં ઓન લાઈન અરજીની પ્રિન્ટ આઉટ મોકલવાની છે ત્યાંની એસ.બી.આઇ./પોસ્ટ ઓફિસ ખાતે ચૂકવવાપાત્ર મોકલવો.

♦ અ.જા./અ.જ.જા., મહિલા ઉમેદવારો તેમજ વિભાગના

➔

➔

- ❑ **ફી :** અ.પ.વ./સામાન્ય વર્ગના ઉમેદવારોએ અરજી સાથે અરજી ફી રૂપે રૂા. ૫૦ નો ડિમાન્ડ ડ્રાફ્ટ/ભારતીય પોસ્ટલ ઓર્ડર **'the Inspector General** અથવા **'DIG/ Comdt'** ના નામે જ્યાં ઓન લાઈન અરજીની પ્રિન્ટ આઉટ મોકલવાની છે ત્યાંની એસ.બી.આઈ./પોસ્ટ ઓફિસ ખાતે ચૂકવવાપાત્ર મોકલવો.
- ♦ અ.જા./અ.જ.જા., મહિલા ઉમેદવારો તેમજ વિભાગના કર્મચારીઓએ અરજી ફી ચૂકવવાની નથી.

**❑ ઓન લાઈન અરજી :**

- ♦ ઉમેદવારોએ આ જાહેરાતના સંદર્ભમાં ઓન લાઈન અરજી કરવાની છે. આ માટે બી.એસ.એફ.ની ઓન લાઈન અરજી માટેની લીંક www.rectt.bsf.gov.in ઉપર તા.૧૬-૬-૨૦૧૬થી ઓન લાઈન અરજી કરવાની છે.ઓન લાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૫-૭-૨૦૧૬ છે.ઓન લાઈન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ આઉટ ઉમેદવારે પસંદ કરેલા સેન્ટર ખાતે તા.૧૫-૭-૨૦૧૬થી ૧૫ દિવસમાં મોકલી આપવાની છે.
- ♦ **પ્રિન્ટ આઉટ મોકલવાનું સરનામું :-**

**The Inspector General, Frontier HQ**
**BSF, Rajasthan, Mandor road,**
**Jodhpur (Rajasthan)-Pin-342026**

- ♦ સંપર્ક નંબર : ૦૨૯૧-૨૫૭૧૦૫૦ અથવા

**The OIC BN HQ**
**69 BN BSF Jaipur Delhi Highway,**
**P.O.Choup,Distt-Jaipur(Rajasthan)**
**Pin-303805**

- ♦ સંપર્ક નંબર : ૦૧૪૨-૨૨૩૪૫૫૬

**❑ ઓન લાઈન અરજીની છેલ્લી તારીખ : તા. ૧૫-૭-૨૦૧૬**

**❑ સામાન્ય સૂચનાઓ :**

- ♦ **ઉમેદવારોએ પસંદગીના બીજા તબક્કાના સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની સ્વંય પ્રમાણિત નકલો સાથે લાવવી.**

**૧.** શૈક્ષણિક પાત્રતા અને જન્મતારીખના પ્રમાણપત્રો/દસ્તાવેજોની સ્વયં પ્રમાણિત નકલ. **૨.** તાજા પાસપોર્ટ સાઈઝ ફોટાની ત્રણ નકલ. (સ્વયં પ્રમાણિત) એક અરજી ફોર્મ પર ચોંટાડી બીજો એડમિશન કાર્ડ પર ચોંટાડવો. ત્રીજો સાથે બીડીને મોકલવો. **૩.** અનુ. જાતિ/જનજાતિ/ અ.પ.વ.ના ઉમેદવારો માટે જાતિ/કક્ષાનો દાખલો મામલતદારથી નીચેની કક્ષાના ન હોય તેવા સક્ષમ અધિકારી પાસેથી મેળવી તેની સ્વયં પ્રમાણિત નકલ બીડવી. **૪.** સબ ડિવિઝનલ કક્ષાના મેહસૂલી અધિકારી અથવા રાજ્ય સરકારે જાહેર કરેલા તેને સમકક્ષ અધિકારી દ્વારા આપવામાં આવેલું રહેવાસ અંગેના (ડોમીસાઈલ) પ્રમાણપત્રની સ્વયં પ્રમાણિત નકલ બીડવી. **૫.** એક્સ-સર્વિસમેનના ડિસ્ચાર્જ સર્ટિફિકેટની નકલ. **૬.** પોતાના સરનામા લખેલ અને દરેક ઉપર રૂ. ૨૭ની ટિકિટ ચોંટાડેલા બે કવરો ૨૫ સે.મી. × ૧૨ સે.મી. સાઈઝના. (સરનામા કેપિટલ લેટર્સમાં લખવા) **૭.** જે વ્યક્તિ સરકારી/અર્ધસરકારી સંગઠન અને સરકારી જાહેર સાહસમાં કાર્યરત હોય તેમણે ઉપરી અધિકારી મારફતે અરજી કરવી. રોજગારદાતાનું ''ના-વાંધા પ્રમાણપત્ર'' અરજી સાથે મોકલવું અને તે ઈન્ટરવ્યૂ વખતે પણ રજૂ કરવું.

♦ તમામ વિગતો સાથે મળેલી અરજીઓ પાત્રતા ધરાવતાં ઉમેદવારોને રોલ નંબર લખેલા એડમિશન કાર્ડ અરજી મળ્યાની પહોંચ તરીકે મોકલવામાં આવશે. આ એડમિશન કાર્ડ ભરતી કેન્દ્રમાં શારીરિક/લેખિત ટેસ્ટમાં સામેલ થવા ઉપયોગમાં લેવાનું રહેશે. ♦ કવરમાં ઓન લાઈન અરજીની પ્રિન્ટ આઉટ મોકલવી. તેના પર નીચે મુજબ લખવું. **" APPLICATION FOR THE POST OF HC (RO)//ASI (RM)"** ♦ જો ઉમેદવારને પરીક્ષા શરૂ થવાના એક માસ પૂર્વે ઓન લાઈન એડમિટ કાર્ડ ન મળે તો તુરંત સંપર્ક કરવો. ♦ ભરતી કેન્દ્રની તબદીલી માટે વિચારણા નહિ થઈ શકે. ♦ ઉમેદવારે ભરતી માટેના ટેસ્ટ/મેડિકલ પરીક્ષણ વખતે રહેવા-જમવાની વ્યવસ્થા ૪-૫ દિવસ માટે જાતે કરવી પડશે. ♦ કોઈ ટીએ/ડીએ આપવામાં નહિ આવે. ♦ ઉમેદવારે જરૂરી પ્રમાણપત્રોની અસલ નકલ ભરતી વખતે પસંદગી બોર્ડ સમક્ષ રજૂ કરવાની રહેશે. ♦ એક્સ સર્વિસમેને આર્મી/નેવી અને એરફોર્સનું મૂળ ડિસ્ચાર્જ સર્ટિફિકેટ રજૂ કરવું પડશે. પસંદગી બાદ છેવટની સૂચના સફળ ઉમેદવારને ટપાલથી મોકલવામાં આવશે. બી.એસ.એફ.ની વેબસાઈટ **www.bsf.nic.in** ઉપર પણ મૂકવામાં આવશે. ♦ ઉમેદવારે ભરતી સંબંધી કોઈ વિગત ખોટી જણાવી હશે, ગેરમાર્ગે દોરવાની કોશીશ કરી હશે તેમની વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી કરી ગેરલાયક ઠરાવવામાં આવશે. ♦ ખોટા પ્રમાણપત્રો રજૂ કરનાર ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે. ♦ અરજીનો નમૂનો બીએસએફની **વેબસાઈટ*www. bsf.nic.in*** પરથી મેળવી શકાશે. ●

**INSTITUTE FOR PLASMA RESEARCH**
**Near Indira Bridge, Bhat Village, Dist. Gandhinagar - 382 428**
**ADVT. NO. 08/2016**

**Applications are invited for the Placement of Apprentices as follows -**

**1. Apprentice (Amendment) Act, 1973 & 1986 as amended from time to time.**

| Sl. No. | Subject Field | Graduate / Technician Apprentice | |
|---|---|---|---|
| | | No. of App. to be engaged | |
| | | Degree | Diploma |
| 1 | Computer Engineering | 01 | - |
| 2 | Civil Engineering | - | 01 |
| 3 | Electrical Engineering | 03 | 02 |
| 4 | Electronics & Telecommunication | 02 | 02 |
| 5 | Mechanical Engineering | 03 | 02 |
| 6 | Instrumentation & Control | 01 | 01 |
| | **Total** | **10** | **08** |

**STIPEND:** Consolidated Rs.9000/- p.m. for Graduate Apprentice (Degree holder) and Rs.8000/- p.m. for Technician Apprentice (Diploma holder).

**2. Apprentice Act, 1961 as amended from time to time.**

| Sl. No. | Category | Qualifications | No. of Post/s | Stipend |
|---|---|---|---|---|
| 1 | ITI- Draughtsman (Mechanical) | Draughtsman Mechanic *(First Class)* from ITI or its equivalent. | 1 | Consolidated Rs.7000/- p.m. |
| 1 | ITI-Electronic Mechanic | Refrigeration & A/c. Mechanic *(First Class)* from ITI or its equivalent. | 1 | Consolidated Rs.7000/- p.m. |
| 2 | ITI - Programming and Systems Administration Assistant (PASAA) | H.S.C. + C.O.P.A. (Computer Operator cum Programming Assistant) *(First Class)* from ITI or its equivalent. | 12 | Consolidated Rs.7000/- p.m. |

**ELIGIBILITY:** Candidates having respective First Class Degree/Diploma/ ITI Certificate, who have passed their qualifying examination in the year 2015 and onwards are eligible. Selection will be based on merit basis.

**AGE LIMIT** : 26 years and relaxable by 5 years for SC / ST candidates, 3 years for Other Backward Class and 10 years for Physically Handicapped candidates..

**PERIOD OF TRAINING: ONE YEAR**

Selected candidates will be registered under the Apprentice (Amendment) Act, 1973 & 1986 at 1 and Apprentice Act 1961 at 2. The Apprentice trainees will have no claim whatsoever for regular employment in this Institute after completion of training.

Completed applications superscribing **"ADVT. NO. 08/2016, APPLICATION FOR THE POST of ______________ POST NO. ______________ strictly in the format available on our home page- http://www.ipr.res.in/ documents/jobs career.html** alongwith **ATTESTED TRUE COPIES** of certificates, mark-sheets and a copy of recent passport size photograph (affixed on the right corner of the application) giving all the details should reach **The Acting Chief Administrative Officer, Institute for Plasma Research** at the above address on or before 10/06/2016. Applications without supporting documents etc. are liable to be rejected. ●

*(અનુસંધાન પાન નં. ૧નું ચાલુ)*

- ♦ એનરોલમેન્ટ માટેની સિલેકશન ટ્રાયલમાં પસંદ થયેલા ઉમેદવારોને એનરોલમેન્ટ માટેના ઓફર લેટર સાથે પોલીસ વેરિફીકેશન ફોર્મ પણ મોકલવામાં આવશે. ઉમેદવારોએ પોતાના અધિવાસ અંગેનું આ પી. વી. ફોર્મ જિલ્લા પોલીસ સત્તાવાળાઓ પાસેથી ભરાવીને રજૂ કરવાનું રહેશે. આ ફોર્મ વિના ઉમેદવારોનું એનરોલમેન્ટ થશે નહિ. પી.વી. ફોર્મનો નમૂનો **વેબસાઈટ : www.joinindiannavy.gov.in** પરથી પણ મેળવી શકાશે.

**❑ અરજી કેવી રીતે કરશો ?**

- ♦ **ઓનલાઈન અરજી :** ઉમેદવારો નૌકાદળની વેબસાઈટ www.joinindiannavy.gov.in ઉપર ઓન લાઈન અરજી કરવાની છે.
- ♦ ઓનલાઈન અરજી તા. ૫-૬-૨૦૧૬ સુધીમાં કરવાની છે. ઓન લાઈન અરજી કર્યા બાદ કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર સિસ્ટમ દ્વારા એપ્લિકેશન નંબર જનરેટ થશે. આ નંબર પ્રિન્ટ આઉટ ઉપર પણ જોવા મળશે.
- ♦ ઉમેદવારોએ આ અરજીની બે પ્રિન્ટ આઉટ કાઢી લેવી. જે પૈકી એક કોપીમાં સહી કરી તેની સાથે મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટ, ૧૦+૨ માર્કશીટ, ડોમી સાઈલ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ,એન.સી.સી.પ્રમાણપત્ર,૨૨ બાય ૧૦ સે.મી. સાઈઝનું સ્વંયનું નામ સરનામું લખેલું પરબીડિયું રૂ.૧૦ની ટપાલ ટિકિટ લગાડેલું સાથે રાખી નીચે દર્શાવેલ સરનામે માત્ર સાદી ટપાલથી મોકલી આપવી.

**Post Box No. 7001,**
**IPHO, New Delhi-110 002.**

- ♦ અરજી મોકલવાના કવર પર ' Online SSR Application 01/2017/batch & 10 + 2 percentage %" લખવું, ♦ પ્રિન્ટ આઉટ તા. ૧૩-૬-૨૦૧૬ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ●

*(અનુસંધાન પાન નં. ૪નું ચાલુ)*

ONLINE REGISTRATION OPENS ON 08 MAY 2016 AT 1000 HRS

ONLINE REGISTRATION CLOSES ON 10 JUN 2016 AT 1700 HRS

"Do not waste your money on touts.

Recruiting process has been Computerized, and Touts cannot influence any thing. Have faith on your hard work"

**DISCLAMIER**

The terms and conditions, given in the notification and on the website are subject to change and should therefore be treated as guidelines only. In case of any ambiguity the existing policies rules and regulation of Indian Army / Govt of India will be final. Details are also available on website www.joinindianarmy.nic.in.

**INSTRUCTIONS FOR SERVING SOLDIER**

1. Application must be filled strictly as per performa given in the notification and duly approved by the CO / OC Unit be forwarded by the candidate alongwith the required documents to respective Record Offices who will then forward the same to BEG and Centre, Roorkee . Top outer cover of envelope should read "APPLICATION FOR HAV (SVY AUTO CARTO) inscribed in red ink.
2. Advance copy of the application alongwith the required documents be forwarded to the BEG and Centre, Roorkee.
3. Affix your recent passport size photograph without sun glasses at the space provided in the application form. Photograph taken with Polaroid camera or computer print will not be accepted.
   An additional self attested photograph also be submitted along with application form.
4. A candidate whose application has been rejected earlier may apply again if eligible/age permits.
5. Incomplete application will be rejected. ●

# INDIAN ARMY

**www.joinindianarmy.nic.in**

## BECOME A HAVILDAR (SURVEYOR AUTOMATED CARTOGRAPHER) IN THE INDIAN ARMY

1. Applications are invited from eligible male candidates for recruitment as Havildar (Surveyor Automated Cartographer) in the Army. Total Number of vacancies is 20 (Twenty).

2. **ELIGIBILITY**.

(a) **Age Limit**.

**(i) Civilian Candidates**. 20 to 25 years as on **01 Oct 2016** (i.e candidates born between 01 Oct 1991 to 30 Sep 1996).

**(ii) Serving Combatants on Remusteration**. 20 to 28 years as on **01 Oct 2016** (i.e candidates born between 01 Oct 1988 to 30 Sep 1996).

(b) **Educational Qualification**. The Minimum educational qualification for appointment will be BA/B Com/B Sc/BE/B Tech with Mathematics, having passed 12th Class (10+2) or equivalent with Physics, Chemistry and Mathematics as main subjects from a Recognised Board/University.

3. **Physical Standards**. Minimum physical standards will be as under depending upon the region of the country. (The details can be obtained from the nearest HQ Recruiting Zone/Army Recruitment Office/IRO, Delhi Cantt) :-

| Ser.N | Region | Height (Cms) | Weight (Kg) | Chest (Cms) |
|---|---|---|---|---|
| (a) | Western Himalayan | 166 | 48 | 77 |
| (b) | Eastern Himalayan | 160 | 48 | 77 |
| (c) | Western Plains | 170 | 50 | 77 |
| (d) | Eastern Plains | 169 | 50 | 77 |
| (e) | Central Plains | 168 | 50 | 77 |
| (f) | Southern Plains | 166 | 50 | 77 |

4. **MODE OF RECRUITMENT**

(a) **Screening**. Screening of the candidates will be carried out from 25-29 Jul 2016 at BEG and Centre, Roorkee.

(b) **Physical Fitness Test**. Physical fitness test will be as follows :-

(a) 1.6 Km Run - In 6 minutes and 20 seconds.

(b) Pull Ups (Beam) - Minimum 6 pull ups.

(c) Zig Zag Balance - Qualify.

(d) 9 Feet Ditch - Qualify.

5. **Medical Standards**. A candidate should have robust physique and mental health, chest should be well developed having minimum 5 cm expansion, should have normal hearing with each ear. Should have sufficient number of natural health gum and teeth i.e.14 dental points. Should have no diseases like deformity of bones, hydrocele, varicose veins or piles.

Remustering candidates should be in medical category SHAPE-1 in terms of Special Army Order 6/S/2005/Rtg dated 05 Aug 2005 as amended from time to time.

6. **Written Examination**. Only those candidates who are selected in the screening will be permitted to appear in the written examination which will be conducted at BEG and Centre, Roorkee on **31 Jul 2016**. The written examination will comprise of two papers.

7. Result of the written examination / names of successful candidates will be communicated by BEG and Centre, Roorkee **through email / SMS**.

8. **Medical Examination**. Candidate who qualify in the written exam will require to undergo a Medical Examination from **07- 08 Aug 2016** at BEG and Centre, Roorkee. The candidate should be in Medical Category SHAPE-1 in term of Special Army Order 6/S/2005/Rtg dated 05 Aug 2005 andas amended from time to time.

9. **Terms of Enrolment**. Selected candidates will undergo 19 weeks of Basic Military Training at BEG and Centre, Roorkee. On successful completion of training the candidates will be enrolled in the rank of Havildar (Surveyor Automated Cartographer) for a period of 24 years of colour service and 2 years in reserve or till they attain 49 years of age whichever is earlier.

10. **Pay, Allowances and Perks**. On completion of successful training the Havildar (Surveyor Automated Cartographer) will be placed in pay band-1 (Rs 5200-20200) as per 6th Pay Commission. In addition they will also be entitled to Grade Pay (Rs 2800) + Military Service Pay (Rs 2000) + Group X Pay (Rs 1400) per month. In addition you will be entitled to DA, free accommodation, Group Insurance, entitled ration for self, uniform, free medical and leave travel concession for self, family, and dependents, canteen facilities and other allowances as admissible to the regular Army.

11. **Submission of Application**. Applications will only be accepted online on website www.joinindianarmy.nic.in (Detailed instructions are given below in 'INSTRUCTIONS FOR ONLINE APPLICATIONS').

**NOTE**

1. All above terms and conditions, vacancies and selection procedures are subject to change from time to time.

2. Only Male candidates are eligible to apply.

3. Candidates who are serving with any organisation and are selected for the post will produce "No Objection Certificate" from their employer at BEG and Centre, Roorkee.

4. Candidates are required to produce the following documents, when called for screening: -

(a) Character certificate by Sarpanch of the Village or authorised signatory of the State Government.

(b) Domicile / Resident / Nativity certificate from the authorized signatory of the State Government.

(c) Original Certificate from matriculation onward and detailed Mark Sheet of each year separately pertaining to Educational Qualification.

(d) NCC Certificate in original, if applicable.

(e) Relationship certificate in original for son of serviceman/ex-servicemen, son of war widow, as applicable (issued by concerned Record Office).

5. Permanent body tattoos are only permitted on inner face of forearms i.e., from inside of elbow to the wrist and on the reverse side of palm / back (dorsal) side of hand, Permanent body tattoos on any other part of the body are not acceptable and candidates will be barred from further selection. Tribes with tattoo marks on the face or body as per their existing custom and traditions will be permitted on a case to case basis.

6. Do not use performance booster drugs to clear physical fitness test. It is better to practice and clear the test.

7. Do not use mobile phone or unfair means during Common Entrance Exam(CEE).

8. Candidates will get their pre-medical examination done under own arrangement before participating in Physical Fitness Test(PFT). Recruitment organisation will not be responsible for any mishappening.

INSTRUCTIONS FOR ONLINE APPLICATION: HAVILDAR (SURVEYOR AUTOMATED CARTOGRAPHER)

1. Recruitment of Havildar(Svy Auto Carto) will be through the online registration and online applications on our website www.joinindianarmy.nic.in ONLINE REGISTRATION

2. Candidates can click on "Check Eligibility" on www.joinindianarmy.nic.in and can apply online for chosen / eligible career option in the Indian Army. For online application candidates should carry the following:-

(a) Education qualification certificates including matriculation certificate.

(b) Personal details, including permanent address with PIN Number.

(c) Verification / domicile certificate.

(d) Have a personal valid e-mail.

(e) Have a personal mobile number.

3. Online registration and application will remain open from **08 May 2016 at 1000 hrs to 10 Jun 2016 at 1700 hrs**.

4. **Procedure for Applying Online**. For registering online, visit the website www.joinindianarmy.nic.in and proceed as follows:-

(a) Click on the portion 'Apply Online' on the home page in JCO/ OR enrolment row (green coloured).

(b) Fill the online registration form. Tips to assist in filling up field have been provided as you highlight each field.

(c) After filling the details, your profile will open.

(d) Click on Apply Online. As per your eligibility, the options with caption Apply Online will appear. Click on the button to apply and details filled in during registration will come as prefilled. Fill the balance details on each tab like contact details and education details etc.

(e) After filling the form, click on preview and check if all the information entered by you is correct as you will not be able to make any correction after saving.

(f) On submitting you will receive a Roll Number.

(g) Candidates can log in by using the e-mail id and password and can take the print out of the application form.

(h) Once the registration closes on the last day, system will generate Admit Cards for eligible candidates.

(j) Applicants are advised to check the profile on www.joinindianarmy.nic.in and their email inbox for their Admit Card and alerts.

(k) The candidates are required to print one copy of Admit Card and affix their recent passport size photograph on it.

**NOTE**

1. Online registration does not imply that the candidate has fulfilled all the criteria for recruitment.

2. Your registration is subject to subsequent scrutiny and can be rejected, if found INELIGIBLE/INVALID at any point of time.

3. Please print Admit Card on good quality paper in black and white mode with minimum 600 x 600 dpi or higher resolution.

4. Admit Card is compulsory document to be carried for rally on scheduled date alongwith following documents in **original as well as photocopies**:-

(a) Photocopy of character certificate by Sarpanch of the Village or authorized signatory of the State Government.

(b) Photocopy of Domicile/Resident/Nativity certificate from the authorized signatory of the state Government.

(c) Photocopy of Certificates from matriculation onward and detailed Marks sheet of each year separately pertaining to Educational qualification.

(d) Photocopy of NCC Certificate, if applicable.

(e) Photocopy of relationship certificate issued by concerned Record Officer for Son of serviceman/ Ex-servicemen, son of war widow, if applicable.

5. Candidates must submit only one application. Receipt of multiple applications from the same candidate will result in cancellation of candidature.

(અનુસંધાન પાન નં. ૩ ઉપર)

# રોબોટિક એન્જિનિયરિંગમાં કારકિર્દીની તકો

આપણે એક એવા યુગમાં જીવી રહ્યા છીએ કે જ્યાં વિજ્ઞાનની કલ્પનાઓ, વાસ્તવિકતા બની રહી છે. તાજેતરમાં જ વૈજ્ઞાનિકો દ્વારા રોબોટનો એક એવો માનવ અવતાર તૈયાર કરવામાં આવ્યો છે, જે માનવીને પાગલપણા જેવી બીમારી કે પછી કેટલાક સામાજિક ભયમાં પણ મદદરૂપ બને છે. રોયલ સોસાયટી ઈન્ટરફેસમાં પ્રકાશિત એક સંશોધનમાં જણાવાયું છે કે, પાગલપણું અથવા સામાજિક ભયની બિમારીથી પીડાતી વ્યક્તિઓ હવે રોબોટ અથવા કોમ્પ્યુટર સાથે સંવાદ કરીને પોતાના પુનર્વસનમાં તેના ઉપયોગ કરી શકે છે. શરૂઆતમાં રોબોટ કે કોમ્પ્યુટરનો આ માનવ અવતાર દર્દીની જેમ જ દેખાય છે, હાલે ચાલે છે કે વર્તણૂંક કરે છે, તેથી દર્દીને તેની સાથે સંવાદ કરવામાં સરળતા રહે છે. ધીમે ધીમે તે દર્દીને અન્ય વ્યક્તિઓ સાથે કેવી વર્તણૂંક કરવી વગેરે રીત-ભાત શિખાવવામાં મદદ કરે છે.

ગયા વર્ષે ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી – હૈદ્રાબાદ ખાતે મીકેનીકલ અને એરોસ્પેસ એન્જિનિયરિંગના વૈજ્ઞાનિકોએ એક સ્નેક રોબોટ બનાવ્યો હતો, જેનો શોધ અને બચાવની કામગીરીમાં ઉપયોગ કરી શકાય છે. અનેક બાઈક, આર્ટી ક્યુલેટ પ્લેટફોર્મ એટલે કે, આર્યના નામથી ઓળખાતા આ રોબોટથી જ્યાં બચાવ કામગીરી માટે ખૂબ જ ઓછી જગ્યા હોય અથવા દુર્ઘટના પછી કાટમાળ નીચે દટાયેલાઓને બચાવવામાં મહત્વપૂર્ણ કામગીરી બજાવે છે.

આપણા આજના યુવાનો માટે રોબોટીક એન્જિનિયરિંગરૂપે કદાચ સૌથી વધુ આકર્ષક અવનવી અને સંતોષજનક કારકિર્દીનો વિકલ્પ છે, પરંતુ કદાચ પુરતી તકોના અભાવને કારણે આપણે ત્યાં આ ક્ષેત્રને જોઈએ તેટલું મહત્વ મળ્યું નથી. સદનસીબે હવે સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે અને રોબોટિક એન્જિનિયરિંગમાં તકો દિવસે-દિવસે વધી રહી છે.

**● રોબોટિક એન્જિનિયરિંગનો વ્યાપ**

રોબોટિક એન્જિનિયર માત્ર રોબોટની ડિઝાઈન જ તૈયાર કરતા નથી, પરંતુ તેઓ સંશોધન કરે છે, નવી એપ્લીકેશન વિકસાવે છે અને તેનું મેઈન્ટેનન્સ પણ કરે છે.

રોબોટિક એન્જિનિયરિંગમાં કેટલીક નવી શાખાઓ છે, જેમાં આર્ટીફિશિયલ, ઈન્ટેલીજન્સ, કોમ્પ્યુટરની મદદથી થતાં ઉત્પાદનો, એ જ રીતે કોમ્પ્યુટર સાથે સામેલ ઉત્પાદન પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેમાં ડિજિટલ ઈલેક્ટ્રોનિક્સ, માઈક્રો પ્રોસેસિંગ, કોમ્પ્યુટેશનલ જ્યોમેટ્રિ અને રોબોટ મોશન પ્લાનિંગનો સમાવેશ થાય છે. મૂળભૂત રીતે તમે હાર્ડવેર, સોફ્ટવેર, ઈન્ટેલીજન્સ કંટ્રોલ અને સાથે સાથે મશીનના કંટ્રોલને પણ તૈયાર કરો છે.

**● રોબોટિક એન્જિનિયર કેવી રીતે બની શકાય ?**

રોબોટિકમાં કારકિર્દી બનાવવા માટે તમારે ધોરણ ૧૦ પછી મુખ્ય વિષયો તરીકે ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને મેથ્સ રાખવા જોઈએ. ધોરણ ૧૨ પછી એન્જિનિયરિંગમાં મિકેનિકલ, કોમ્પ્યુટર, સોફ્ટવેર, ઈન્સ્ટુમેન્ટેશન, ઈલેક્ટ્રીકલ, ઈલેક્ટ્રોનિક્સ કે કોમ્યુનિકેશન જેવી શાખાઓમાં બી.ઈ. અથવા બી.ટેક્ની પદવી મેળવવી જોઈએ. જો તમારી એન્જિનિયરિંગ કોલેજમાં ઉપલબ્ધ હોય તો તમે આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ અથવા મીકે ટ્રોનિક્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી શકે છે.

**● રોબોટિક એન્જિનિયરિંગમાં અભ્યાસ કર્યા બાદ થઈ શકે**

મિકેનિકલ એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રીકલ અથવા ઈન્સ્ટ્રુમેન્ટેશન ઈજનેરી શાખાઓમાંથી આવતાં વિદ્યાર્થીઓને માસ્ટર ડિગ્રી કક્ષાએ રોબોટિક અને આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સના ઈન્ટર ડીસીપ્લીનરી કોર્સનો વિકલ્પ અપાય છે.

દેશમાં કેટલીક કોલેજો, સ્નાતક કક્ષાએ પણ ખાસ રોબોટિકનો અભ્યાસક્રમ પુરો પાડે છે, પરંતુ કારકીર્દિ ક્ષેત્રે હજી આવી કોલેજોનું કોઈ ઉલ્લેખનિય પ્રદાન નથી. જો તમને રોબોટિક એન્જિનિયરિંગમાં રસ હોય તો આ ક્ષેત્ર અંડર ગ્રેજ્યુએટ, અનુસ્નાતક અથવા પી.એચ.ડી. કક્ષાના અભ્યાસ પુરા પાડતી સંસ્થાઓ આ પ્રમાણે છે.

- બનારસ હિન્દુ યુનિવર્સિટી (બીએચઈ)
- બીઆરટીએસ – મેસરા,
- ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ઓફ જાદવપુર યુનિવર્સિટી
- ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ (EE & C) બેંગ્લોર,
- ઈન્ડીયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી (EE & T) મુંબઈ, ચેન્નાઈ, દિલ્હી, કાનપુર અને ખડકપુર
- ઈન્ડીયન સ્કૂલ ઓફ સાયન્સ, ધનબાદ
- જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી – જેએનયુ
- કર્ણાટક યુનિવર્સિટી
- નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, એન.આઈ.ટી. હૈદરાબાદ
- યુનિવર્સિટી ઓફ દિલ્હી,
- યુનિવર્સિટી ઓફ મદ્રાસ
- યુનિવર્સિટી ઓફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ

રોબોટીક્સ એન્જિનિયરિંગના અભ્યાસ માટે વિદેશ જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે પણ ખુબ જ રસપ્રદ વિષય છે.

**● રોબોટિક એન્જિનિયરિંગમાં કારકિર્દી**

આઈ.આઈ.ટી. કાનપુરના ડિપાર્ટમેન્ટ ઓફ મિકેનિકલ એન્જિનિયરિંગ અને સેન્ટર ફોર મેકેટ્રોનિક્સના વડા ડોક્ટર નલીનાક્ષ એસ. વ્યાસના જણાવ્યા મુજબ રોબોટિક્સએ એવું ઉભરાતું ક્ષેત્ર છે, જેમાં ભવિષ્યમાં અખૂટ સંભાવનાઓ પડેલી છે. સ્નાતક કક્ષો આ વિષયમાં કારકિર્દીની એટલી તકો નથી. જેટલી ખાસ વિષય તરીકે માસ્ટર ડિગ્રીના અભ્યાસ પછી ઉપલબ્ધ છે. એક વખત એન્જિનિયરિંગના નિયત વિષયમાં તમે અભ્યાસ પૂર્ણ કરી લ્યો પછી તમે રોબોટિક્સ અથવા મિકેટ્રોનિક્સને ખાસ વિષય તરીકે આગળના અભ્યાસ માટે પસંદ કરી શકો છો.

રોબોટિક્સ એન્જિનિયર્સ વિવિધ ક્ષેત્રમાં કામ કરી શકે છે, જેમાં આધુનિક જમાનાના યુદ્ધ, દવાઓ, અવકાશ સંશોધન અને નેનો ટેકનોલોજી જેવા વિભિન્ન ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

દરિયાના પેટાળમાં ખોદકામ, પરમાણું વિજ્ઞાન, ઈલેક્ટ્રીક સિગ્નલના ટ્રાન્સમીશન, ખાણ તેમજ બાયો મેડિકલ માટેના સાધનોની ડિઝાઈન તૈયાર કરવા જેવા માનવીઓ માટે મુશ્કેલ કે ભયજનક પરિસ્થિતિમાં રોબોટ્સ એ બુદ્ધિ ગમ્ય અને પરિસ્થિતિને અનુકૂળ વિકલ્પ પુરો પાડે છે. મોટા ભાગની સ્થિતિમાં તેનાથી ઉત્પાદનની ઝડપ પણ વધી શકે છે. આ ક્ષેત્રમાં વિપુલ તકો પડેલી છે. તમારે માત્ર તમારો માર્ગ જ પસંદ કરવાનો છે.

નવો રોબોટિક એન્જિનિયર તેની ડિગ્રીને આધારે વર્ષે પાંચથી છ લાખની આવક મેળવી શકે છે, પરંતુ સમય અને અનુભવની સાથે તેની આવકમાં અનેક ગણો વધારો થઈ શકે છે. ભારતમાં અને વિદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓ રોબોટિક એન્જિનિયરોને ખુબ જ ઊંચા પગારોથી અને નિવૃત્તિના સારા લાભો, વેકેશન, આરોગ્ય, વીમો જેવા અનેક લાભો સાથે કામ પર રાખે છે.

આ એક નવું ક્ષેત્ર છે, જેમાં રોબોટની ડિઝાઈન, તેનો કામકાજમાં ઉપયોગ અને તેના મેઈન્ટેનન્સનો સમાવેશ થાય છે. આ સ્વયં સંચાલિત મશીનનો અનેક રીતે ઉપયોગ થાય છે, જેમાં ચીજવસ્તુનું ઉત્પાદન, હેરફેર, સર્જરી, વેપનરી, સુરક્ષા, સંશોધન તેમજ ગ્રાહકો માટે જથ્થાબંધ ચીજવસ્તુ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.

રોબોટિક ક્ષેત્રે કારકિર્દીના સામાન્ય ક્ષેત્રમાં ટેકનીશીયન અને ઈજનેરોનો સમાવેશ થાય છે. આ બંને કામમાં પાયાનો તફાવત તેમના અભ્યાસના ક્ષેત્રે જોવા મળે છે. ટેકનિશિયન પાસે રોબોટીક એન્જિનિયરિંગ અથવા તેના જેવા બીજા કોઈ વિષયમાં બે વર્ષની પદવી હોય છે. જ્યારે એન્જિનિયર બનવા માટે તમારે સ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરવી જરૂરી છે.

(અનુસંધાન પાન નં. ૭ નું ચાલુ)

વર્ગમાં પ્રવેશ માટે સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૧૪. આ જાહેરાત તથા પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંસ્થાને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને આ માટે કારણો આપવા સંસ્થા બંધાયેલ રહેશે નહીં.

૧૫. આ તાલીમ દરમ્યાન ઉમેદવારોને લોજીંગ બોર્ડીંગની વ્યવસ્થા પુરી પાડવામાં આવશે નહી. પરંતુ લાયબ્રેરી સુવિધા આપવામાં આવશે. લાયબેરી ડીપોઝીટ પેટે રૂા. ૨૦૦૦/- અને તાલીમ ડીપોઝીટ પેટે રૂા. ૫૦૦૦/- ભરવાના રહશે.

૧૬. આ તાલીમમાં તાલીમાર્થીએ નિયમીત હાજર રહેવાનું રહેશે. ૭૫ ટકાથી ઓછી હાજરી હશે તેઓને તાલીમમાંથી રૂખસદ આપી તેઓની તાલીમ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ ઉપરાંત બેચ શરૂ થયા બાદ એક માસ સુધી તાલીમાર્થીઓની હાજરી ઉપર સતત નજર રાખવામાં આવશે. આ દરમ્યાન સતત ગેરહાજર રહેનાર તાલીમાર્થીનો પ્રવેશ રદ કરી પ્રતિક્ષાયાદીમાંથી કેટેગરી/મેરીટ મુજબ લાયક ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. એક અઠવાડીયામાં ડીપોઝીટની રકમ નહી ભરનારનો પ્રવેશ રદ કરવામાં આવશે.

**❑ પ્રાથમિક કસોટી માટેના પ્રશ્નપત્ર અંગેની ખાસ સૂચનાઓ**

૧. **પ્રશ્નપત્ર** - ૨૦૦ માર્કસું રહેશે. પ્રશ્નો હેતુલક્ષી પ્રકારના (Multiple Choice Questions) રહશે.

૨. પ્રશ્નોના જવાબો અલગ આપેલ ઉત્તરવહીમાં જ લખવાના રહેશે. જવાબો કાળી/વાદળી બોલ પોઈન્ટ પેનથી ફક્ત () કરીને આપવાના છે. પ્રશ્નપત્રની ભાષા ગુજરાતી/અંગ્રેજી રહેશે. ગુજરાતી ભાષાંતરમાં કોઇ ગુંચવણ જણાય તો અંગ્રેજીમાં પૂછાયેલ પ્રશ્નની ભાષાનું અર્થઘટન આખરી ગણાશે.

૩. ઉત્તરવહીમાં જવાબ આપવા માટે માત્ર કાળી/વાદળી બોલ પોઈન્ટ પેનનો જ ઉપયોગ કરવો. ઉમેદવાર ત્રણ થી ચાર કાળી/વાદળી બોલ પોઈન્ટ પેન સાથે અવશ્ય લાવવી.

૪. પ્રશ્નપત્રમાં મહદ્ અંશે નીચેના વિષયો આવરી લેતા પ્રશ્નો પૂછવામાં આવશે.

પેપર : ૧. કોન્ટીટેટીવ એપ્ટીટ્યુડ - ગુણ-૫૦<br>
૨. વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ - ગુણ-૫૦<br>
૩. ઈંગ્લીશ - ગુણ-૫૦<br>
૪. જનરલ અવરનેસ અને કરન્ટ અફેર ગુણ-૫૦<br>
કુલ ગુણ - ૨૦૦

૫. ઉત્તરવહીમાં નિયત જગ્યાએ તમારો બેઠક નંબર, નામ અને કેટેગરી (Category) અવશ્ય લખવી.

૬. ઉત્તરવહીમાં જવાબ માટે બોલપોઈન્ટથી કરેલ નિશાની સિવાયનું () કોઈપણ પ્રકારનું લખાણ અથવા એક કરતાં વધુ વૈકલ્પિક ઉત્તરો ગુણને પાત્ર થશે નહીં.

૭. ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી છે કે નહીં તેની ખાત્રી કરી લેવી. જો તમારી ઉત્તરવહી ઉપર નિરીક્ષકની સહી નહીં હોય તો તેવી ઉત્તરવહી મૂલ્યાંકન માટે ગણાશે નહીં.

૮. ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધારે જવાબ બદલ પ્રશ્નના ગુણના ૩૩ ટકા ગુણ બાદ કરવામાં આવશે. પ્રશ્નનો જવાબ આપવામાં નહી આવે તેની કોઇ પેનલ્ટી થશે નહીં.

૯. ઉમેદવાર સાચો બેઠક નંબર અને અરજીમાં દર્શાવેલ કેટેગરી ઉત્તરવહીમાં અવશ્ય દર્શાવવાની રહેશે. બેઠક નંબર સિવાય અથવા ખોટા નંબરની ઉત્તરવહીની ચકાસણી કરવામાં આવશે નહીં.

**❑ સામાન્ય શરતો :**

૧. જાહેરાતમાં જે કક્ષાની અનામત વર્ગો માટે જગ્યાઓ અનામત છે તેઓને જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે. (ઉપર મુદ્દા નં ૪. માં જણાવ્યા મુજબ)

૨. અનામત વર્ગના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

૩. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારોનો ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નોન-ક્રિમિનીલેયર સર્ટીફિકેટ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ- (ક) ના નમુનામાં તા.૩૧/૦૩/૨૦૧૬ના રોજ અર્થાત થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું અર્થાત તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૦/૦૫/૨૦૧૬ દરમ્યાન મેળવેલ અસલ પ્રમાણપત્ર સંસ્થા દ્વારા મંગાવવામાં આવે ત્યારે રજુ કરવાનું રહેશે.

૪. જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવાર આ અસલ પ્રમાણપત્રો સંસ્થા દ્વારા મંગાવવામાં આવે તે સમયે રજુ કરેલ નહી હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહી.

૫. પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

૬. ફી ભર્યા સિવાયની અરજી મળેલ હશે તો એકપણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

૭. સંસ્થા તરફથી આપવામાં આવતી નવી સૂચનાઓ જોવા માટે જાહેરાતમાં દર્શાવેલ વેબસાઈટ અવારનવાર જોતા રહેવું.

●

# MEDICAL COUNCIL OF INDIA

**Pocket - 14, Sector - 8, Phase-I,**
**Dwarka, New Delhi.**

Applications are invited for the following posts in the Council office.

1.**DeputySecretary (Medical) 4 (General)**
Scale of Pay Pay : Band-3 Rs. 15600-39100 + Grade pay Rs. 7600/-plus non-practicing allowanceasadmissible.
Age : Between 35 to 45 years.
Educational Qualification : A recognised MBBS qualification or its equivalent with arecognised PostgraduateMedicaldegree.
Experience : Must have 10 years experience in the profession out of which 3 years teaching experience in medical college after postgraduate medicaldegree.

2.**Telephone Operator - cum -Receptionist (General)**
Scale of Pay : Pay Band-1,Rs. 5200-20200 + Grade Pay Rs. 2400/-.
Age : Between 18 to 27 years.
Educational Qualification : Matriculation or equivalent qualification.
Experience : 5 years experience as Telephone, PBX, Fax & Telex Operator in a Govt. /Public Sector undertaking/Statutory body or Autonomous organization/teaching institution.

3. **Computer Operator 02 (General - 1, OBC - 1)**
Scale of Pay : Pay Band-1,Rs. 5200-20200 + Grade Pay Rs. 2400/-.
Age : Between 18 to 27 years.
Educational Qualification : A degree from a recognized University or equivalent qualification and a speed of not less than 8000 key depressions per hour for data entry work to be judged by conducting a speed test on the EDP Machine(s) by the Competent Authority.
Experience : With 3 years regular service as Data Entry Operator Grade I in the scale of Rs. 5200-20200 + Grade PayRs. 1900/-.

4.**Lower Division Clerk : 20 (General - 14, OBC - 3, SC - 2, ST - 1)**
Scale of Pay : Pay Band-1,Rs. 5200-20200 + Grade Pay Rs. 1900/-.
Age: Between 18 to 27 years for General Category.
Educational & OtherQualification:12th or equivalent qualification from arecognised board.Typing Speed of 30 w.p.m. in English.

5.**Staff Car Driver (Ordinary Grade): 1 (General)**
Scale of Pay : Pay Band-1,Rs. 5200-20200 + Grade Pay Rs. 1900/-.
Age : Not exceeding 27 years.
Educational Qualification : 1) 8th Standard Minimum Class pass from recognised school/institution. 2) Possession of a valid driving licence for motor car. 3) Knowledge of motor mechanism (The candidate shouldbe able to remove minor defectin vehicles). Desirable qualification : Matriculation or equivalentii) 3 years service as Home Guard/ Civil Volunteer.
Experience : Experience of driving a motor car for at least 3 years.

6. **Electrician1 (General)**
Scale of Pay : Pay Band-1, Rs. 5200-20200 + Grade Pay Rs. 2400/-.
Age : Between 18 to 27 years.
Educational Qualification & other qualification : 1) Matriculation with I.T.I. Certificate with on year of experience in a recognized workshop or good school education upto at least 8thstandard.
Experience : 4 years of industrial experience including apprenticeship in a recognized workshop.

7. **Messenger : 1 (OBC)**
Scale of Pay : Pay Band-1,Pay Band-1, Rs. 5200-20200 + Grade Pay Rs. 1800/-.
Age:Between 18 to 27 years.

8. **Peon : 10 (General -6, ST-1, OBC-3)**
Scale of Pay:Pay Band-1,Rs. 5200-20200 + Grade Pay Rs. 1800/-
Age :Between 18 to 27 years.
Educational & Other Qualification: 8th class pass from a recognised school/institution.
Desirable :Training in Basic and "Refresher" course in Home Guards and Civil Defence.

Candidates may apply online at Medical Council of India website on or before 30/05/ 2016 and the print out of applications complete in all respect along with supportive documents must be sent to **Secretary (I/c.), Medical Council of India, Pocket-14, Sector-8, Phase - I, Dwarka, New Delhi - 110077 latest by 10/06/2016.**

For other details and online application process, Please visit: **www.mciindia. org or http://online.mciindia.org/onlinevacancy**

## How to apply

**General Instructions:**

**1.** All statements made in the application should be true and correct. Candidates should understand that in the event of any information being found false or incorrect, the candidature will be cancelled.

**2.** Candidates are required to have a valid personal e-mail ID. It should be kept active for the duration of selection Process.In case a candidate does not have a valid personal e-mail ID, he/she should create his/her new e-mail ID before applying online.

3.Candidates withdrawn on disciplinary grounds from any other service are not eligible to appear.

4. Candidates who are desirous to apply for more than one post, are required to submit separate application for each post. The selection to the above post shall be made on the basis of written examination and/or interview as deemed fit.Candidates must possess the prescribed education qualification as on the date of application.

**5.** On successful submission of application, the system will generate a Unique Reference No. (URN) and Password. You should note / remember your system generated Unique Reference No. (URN) for future reference and use

**6.** Name of candidate, father's name and date of birth should be filled as mentioned in the **10th** class certificate. The marks obtained may be filled in equivalent percentage only and not in Grades. Those who obtain marks in Grade may please provide the exact percentage of marks from the University/Institutes concerned. Otherwise their case will not be considered. "While filling up the online application form, candidates are required to indicate exact percentage of **10th, 12th,** Diploma and Graduation Degree upto two decimals and are not to be rounded off. Any false entry of percentage detected at any stage of selection will be outrightly rejected.

7. Applications which are not in conformity with the requirements indicated in the advertisement and those received after the closing date will be summarily rejected. Mere possession of minimum qualification does not entitle a candidate to be called for interview/test. Only short listed candidates will be called for interview/test. Council may accept or reject any application and no correspondence will be entertained in this regard. Only selected candidates

will be informed in due course and no correspondence on the subject would be entertained. The eligibility of the candidates in terms of educational qualifications, experience, age etc. will be determined with reference to the facts provided as on the closing date for receipt of applications. **CANVASSING IN ANY FORM WILL BE A DISQUALIFICATION.**

**8.**Five years relaxation in the upper age limit is permissible for Government employee, SC/ ST/PH category and

Three years for OBC Category.Other relaxation shall be as per Government of India rules.

**9.** Physically Handicapped (PH) Persons or Persons with disabilities can apply to the advertised posts.However, such

candidates will be considered for selection to such post by general standard of merit. Reservation and other

Concessions & Relaxations as permissible under the rules only when degree of physical disability is 40% or more.

**10.** The upper age limit in case of Ex-Servicemen and Commissioned Officers including ECOs/SSCOs shall be relaxed by the length of Military Service increased by three years subject to the conditions that on the closing date of receipt of applications.

**11.** The number of vacancies/posts to be filled may vary due to promotion/resignation etc. during the process of recruitment. The exact number of vacancies will be determined by the office at the time of filling the posts. The organization will not be responsible for late/ non-receipt of call letters for written examination/interview due to postal delay.

**12.** Candidates already in Government service, must submit their application through proper channel.They may however, submit their advance copy through online submission.

**13.** Candidates meeting the eligibility requirements may take a print out of the *"Online Application Form"* and send their applications complete in all respects along with prescribed copies of certificates relating to qualifications, relevant experience, date of birth, caste etc. by the last date prescribed for receipt of application in an envelope super scribed as **Application for the post of "POST NAME"** and addressed to: **Secretary(I/C), Medical Council of India, Pocket 14, Sector 8, Dwarka, New Delhi -110077**

●

(અનુસંધાન પાન નં. ૮ નું ચાલુ)

૨. વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ - ગુણ-૫૦
૩. ઈંગ્લીશ - ગુણ-૫૦
૪. જનરલ અવરનેસ અને કરન્ટ અફેર ગુણ-૫૦
કુલ ગુણ - ૨૦૦

**પ્રવેશ પરીક્ષા માટેનું કેન્દ્ર : અમદાવાદ** (વિગતવાર કેન્દ્રની પ્રવેશ પત્ર (Hall Ticket) ઉમેદવાર http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે.)

**નોંધ** - (૧) ખોટા જવાબ બદલ અથવા એક પ્રશ્નમાં એક કરતાં વધાર જવાબ બદલ પ્રશ્નના ૧/૩ ગુણ બાદ કરવામાં આવશે.
(૨) અંધ ઉમેદવારને વધારાના સમય તરીકે ૨૦ મિનિટ આપવામાં આવશે.
(૩) પ્રશ્નપત્ર હેતુલક્ષી પ્રકારનો હોય છે (બહુવિધ પસંદગી પ્રશ્ન).
(૪) ગુજરાતી અને અંગ્રેજી માધ્યમમાં.

❖ **હોલ ટીકીટ ડાઉનલોડ/પ્રિન્ટ આઉટ કરવા બાબત :**
**તા. ૧૯-૦૬-૨૦૧૬**ને રિવવારના રોજ યોજાનારા પરીક્ષાની હોલ ટીકીટ તા.૧૩/૦૬/૨૦૧૬ થી તા.૧૯/૦૬/૨૦૧૬ **(સવારના ૧૧.૦૦ વાગ્યા સુધી)** ડાઉનલોડ/પ્રિન્ટ આઉટની નકલ મેળવી લેવાની રહશે.

❖ **પ્રવેશ પરીક્ષા** અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને મહેસાણા ખાતે યોજાવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હોય તે અંગે ક્રમાનુસાર ૫ વિકલ્પ આપવાના રહેશે. તેમજ તાલીમ ક્યા સ્થળે લેવા માગે છે તેના પણ ક્રમાનુસાર ૫ વિકલ્પ સ્પીપા-અમદાવાદ, આર.ટી.સી.-અમદાવાદ, આર.ટી.સી.-વડોદરા, આર.ટી.સી. - સુરત કે આર.ટી.સી. -મહેસાણા (પાટણ) પૈકી આપવાના રહેશે.

**પરીક્ષાનો અભ્યાસક્રમ :**

પેપર : ૧. કોન્ટીટેટીવ એપ્ટીટ્યુડ - ગુણ-૫૦
૨. વર્બલ અને નોન વર્બલ રીઝનીંગ - ગુણ-૫૦
૩. ઈંગ્લીશ - ગુણ-૫૦
૪. જનરલ અવરનેસ અને કરન્ટ અફેર ગુણ-૫૦
કુલ ગુણ - ૨૦૦

પરીક્ષામાં મેળવેલ ગુણના આધાર કેટગરી વાઇઝ મેરીટ મુજબ મંજુર થયેલ જગ્યાના ૩ ગણા ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

❖ **અરજી કરવાની રીત :**
આ જાહેરાતના સંદર્ભમાં ફક્ત ઓન લાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ તારીખ મુજબ **તા.૧૩/૦૫/૨૦૧૬ થી ૩૦/૦૫/૨૦૧૬** ( સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ પર ઓન-લાઇન અરજીપત્રક ભરી શકશે. સાથે સાથે આ અરજીપત્રક નજીકની પોસ્ટ ઓફિસમાં જઇને ઓનલાઇન અરજી કરી શકશે. જે માટે પોસ્ટ ઓફિસને નિયત ચાર્જ ઉમેદવાર ચૂકવવાનો રહેશે. ઉમેદવાર (૧) સૌ પ્રથમ http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઇટ પર જવું. હવે (૨) "Apply On line" પર Click કરવું. (૩) જાહેરાત ક્રમાંક સીજીઆરએસ - તાલીમ/૨૦૧૬-૧૭/પ્રવેશ પરીક્ષા-૧/ઇડીપી **"કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (કલાસ-૧-૨) પ્રશિક્ષણ વર્ગ ૨૦૧૬-૧૭"** પર "Details" પર ક્લિક કરવાથી કેટેગરી પ્રમાણે જગ્યાની વિગતવાર માહિતી વાંચી શકશો અને (૪) "Apply now" પર Click કરવાથી Application Format ખુલશે જેમાં સૌ પ્રથમ "Personal Details" ઉમેદવાર ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજયાત ભરવાની રહશે.) (૫). Personal Details ભરાયા બાદ "Education Details" ભરવા માટ "Education Qualification" પર click કરવું (૬) જો વધુ લાયકાત દર્શાવવા માંગતા હો તો "Add More Education" પર click કરવુ (૭) તેની નીચે "Self Declaration" પર click કરવું ત્યારબાદ (૮) ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર click કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઇ ગયેલ છે. (૯) હવે "Save" પર click કરવાથી તમારી અરજીનો Online સ્વીકાર થશે. (૧૦) અરજી કર્યા બાદ ઉમેદવારનો "Application Number" Generate થશે. જે ઉમેદવાર સાચવીને રાખવાનો રહશે. (૧૧) હવે Upload Photograph પર click કરો અહીં તમારો Application Number type કરો અને તમારી Birth date type કરો. ત્યાર બાદ ok પર click કરવું. અહી photo અને signature upload કરવાના છે. ( photo નું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે. મી. પહોળાઇ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) ( Photo અને Signature Upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature jpg format (10 kb) સાઇઝથી વધારે નહિ તે રીતે Computer માં હોવા જોઇએ.) "browse button" પર Click કરો. હવે ચુઝ ફાઇલના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઇલને select કરો અને "Open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "Upload" button પર Click કરો. હવે બાજુમાં તમારો photo દખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહશે. (૧૨) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ OK પર Click કરવાથી ત્રણ બટન (1) OK (2) Show Application Preview અને (3) Confirm Application દખાશે. ઉમેદવાર Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit કરી લેવું. Confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતુ કન્ફર્મ થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ન જણાઇ તો જ Confirm Application પર Click કરવું. તેથી ઉમેદવારની અરજીનો સંસ્થામાં Online સ્વીકાર થઇ જશે. અહીં "Confirmation Number" Generate થશે. હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોય, ઉમેદવાર સાચવવાનો રહેશે. (૧૩) હવે Print Application પર Click કરવું અહીં તમારો Confirmation Number ટાઇપ કરવો. અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી. (૧૪) પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન મેળવવા માટે હવે Print Challan પર Click કરવું અહીં તમારો Confirmation Number ટાઇપ કરવો અને Print Challan પર Click કરી ચલનની નકલ કાઢવી ગુજરાત રાજ્યની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારો પરીક્ષા ફી પેટે રૂ. ૩૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂ. ૧૨/- અને અનામત કેટેગરીના ઉમેદવારો પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂ. ૧૨/- ભરી દેવાના રહશે. (૧૫) લાલ ફૂદડીવાળી (*) માહિતી આપવી ફરજીયાત છે. આ માહિતી ફોર્મમાં ભરવામાં નહી આવે ત્યાં સુધી ફોર્મ સબમીટ થઇ શકશે નહીં. (૧૬) નોનક્રિમીલેયરની વિગતો ફરજીયાતપણે આપવાની રહશે. તે નહીં આપનાર તે ઉમેદવારો જનરલ કેટેગરી બતાવશે તો ફોર્મ સબમીટ થશે.

❖ ખાસ નોંધ : પ્રવેશ પરીક્ષા અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને મહેસાણા ખાતે યોજાવામાં આવશે. તમે જે કેન્દ્ર ખાતે પરીક્ષા આપવા માગતા હોય તે અંગે ક્રમાનુસાર ૫ વિકલ્પ આપવાના રહેશે. તેમજ તાલીમ ક્યા સ્થળે લેવા માગે છે તેના પણ ક્રમાનુસાર ૫ વિકલ્પ સ્પીપા-અમદાવાદ, આર.ટી.સી.-અમદાવાદ, આર.ટી.સી.-વડોદરા, આર.ટી.સી. - સુરત કે આર.ટી.સી. -મહેસાણા (પાટણ) પૈકી આપવાના રહેશે.

❑ **પ્રવેશ પરીક્ષા ફી :**

૧. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાની ફી ભરવી ફરજીયાત છે. અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસી શકશો નહીં.
૨. પ્રવેશ પરીક્ષા માટેની ફી ભરવા માટ ઉમેદવારો જયારે OJASની વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે OJAS ની વેબસાઇટ પર ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સૂચના મળશે જે ઉમેદવારોએ મેળવી લેવાની રહશે. જે પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન છે.
૩. ઉમેદવાર પ્રવેશ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન દ્વારા ગુજરાત રાજયની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં જઇને સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારો પરીક્ષા ફી પેટે રૂ. ૩૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂ. ૧૨/- અને અનામત કેટેગરીના ઉમેદવારો પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- + પોસ્ટલ ચાર્જીસ રૂ. ૧૨/- ભરી દેવાના રહેશે.
૪. તમામ કેટેગરીના ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષાના રોજ પરીક્ષા ફી ભર્યાની નકલ સાથે લઇને આવવાનું રહેશે અન્યથા પ્રવેશ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.
૫. અન્ય કોઇ રીતે સ્વીકારવામાં આવશે નહીં.
૬. પોસ્ટ ઓફિસમાં ફી ભરવાની છેલ્લી તા. ૦૨/૦૬/૨૦૧૬ (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) ની રહશે.

❑ **સામાન્ય સૂચનાઓ :**

૧. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી અને પ્રવેશ પરીક્ષા ફી ભરેલ ચલનની નકલ પરીક્ષા ખંડમાં સુપરવાઇઝરને રજૂ કરવાની રહશે. ફી ભર્યાની ચલનની નકલ રજૂ નહી કરનાર ઉમેદવારને પરીક્ષાખંડમાં બેસવા દેવામાં આવશે નહીં.
૨. પરીક્ષાના સમય પહેલાં પંદર મિનિટ અગાઉ ઉમેદવાર પોતાની બેઠક પર બેસી જવાનું રહેશે.
૩. તમારી સાથે પરીક્ષા ખંડમાં કેલક્યુલેટર, મોબાઇલ, પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્ય રાખી શકાશે નહીં.
૪. પરીક્ષા શરૂ થયા પછી પૂર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડ છોડવા દેવામાં આવશે નહીં.
૫. અનઅધિકૃત પુસ્તક, પેપર, લેખમાંથી કે અન્ય ઉમેદવારોમાંથી નકલ કરવી નહીં, કે નકલ કરવા માટે પ્રયાસો કરવા નહીં. તેમજ તમારા પેપરમાંથી અન્ય ઉમેદવારોને નકલ કરવા દેવા નહીં. આ સૂચનાના ભંગ બદલ પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.
૬. પરીક્ષા પૂર્ણ થવા માટેનો બેલ વાગ્યાથી તુરત ઉત્તરવહી નિરીક્ષકને સોંપી દેવી.
૭. પ્રવેશ પરીક્ષા પરિણામ આકસ્મિક સંજોગો સિવાય તા.૦૪/૦૭/૨૦૧૬ સુધીમાં સંસ્થાના નોટીસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
૮. પરીક્ષામાં સફળ ઉમેદવારોને પત્રથી જાણ કરવામાં આવશે છતાંય પરીણામ સ્પીપાની વેબસાઇટ www.spipa.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે. જરૂર જણાય તો સ્પીપા ના ટેલીફોન નંબરો ઉપર સંપર્ક કરવાથી પણ પરિણામ જાણી શકાશે.
૯. સંસ્થા કોઇ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઇપણ પ્રકારે ટકો મેળવવા માટે કોઇ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા કેલક્યુલેટર, મોબાઇલ પુસ્તક, ગાઇડ, કાપલી કે તેવા કોઇપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઇ રીતે ગેરવર્તણુક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઇપણ કૃત્ય કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઇપણ સૂચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર અથવા ઉપરાંત સંસ્થા, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે.
૧૦. ઉમેદવાર અરજીપત્રકમાં બતાવેલી કોઇપણ વિગત અને મૌખિક કસોટી સમયે ઉમેદવાર રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ દ્વારા રદ કરવામાં આવશે. તેમજ મૌખિક કસોટી ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી સંસ્થા દ્વારા કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે.
૧૧. સંસ્થા દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણુક માટેનો હક મળી જતો નથી. નિમણૂક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.
૧૨. પસંદગી પામેલ ઉમેદવારને સંસ્થાના નિયમ મુજબ શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ મળશે..
૧૩. ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ માટે દાવો કરવાને હકદાર થશે નહી, સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે અભ્યાસ સારૂ તે યોગ્ય જણાતો નથી તો તેને પડતો મૂકી શકાશે. પ્રશિક્ષણ

(અનુસંધાન પાન નં. ૫ ઉપર)

# સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા)

ઈસરો સામે, સેટેલાઈટ રોડ, અમદાવાદ. ગુજરાત-૩૮૦૦૧૫. ફોન : ૦૭૯-૨૬૭૪૭૬૧૨-૩૬
www.spipa.gujarat.gov.in

## જાહેરાત : (ક્રમાંક : સીજીઆરએસ-તાલીમ/૨૦૧૬-૧૭/પ્રવેશ પરીક્ષા-૦૧/ઈડીપી)

### કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા (Class-1-2) પ્રશિક્ષણ વર્ગો ૨૦૧૬-૧૭

### (આ ગુજરાત સરકાર દ્વારા સંચાલિત પ્રશિક્ષણ વર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)

સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોમાં વર્ગ-૧-૨ની ભરતીના કામે આઈ.બી.પી.એસ., આર.બી.આઈ., એસ.બી.આઈ., એલ.આઈ.સી., એસ.એસ.સી., આર.આર.બી. વગેરે જેવી જાહેર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટેના પ્રશિક્ષણ વર્ગો ૨૦૧૬-૧૭માં પસંદ થવા માટેની પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in/ અથવા http://ojas1.guj.nic.in/ વેબસાઈટ પર તા. ૧૩-૫-૨૦૧૬ થી તા. ૩૦-૫-૨૦૧૬ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે અને અરજી કર્યા બાદ પરીક્ષા ફી ભરવા માટેનું ચલન કાઢીને ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરરાઈઝડ પોસ્ટ ઓફિસમાં જઈને તા. ૧૩-૫-૨૦૧૬ થી તા. ૨-૬-૨૦૧૬ સુધી (પોસ્ટ ઓફિસના કામકાજના સમય દરમ્યાન) પરીક્ષા ફી ભરી શકશે. ઉમેદવારે તાજેતરનો Photograph (10 kb) & Signature (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે jpg format માં scan કરી કોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઈન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે પોતાના બધા જ શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, જાતિ અને અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને સંસ્થા દ્વારા માંગણી થયેથી અચૂક રજુ કરવાના રહેશે.

ઉક્ત જણાવેલ પ્રશિક્ષણ વર્ગો ૨૦૧૬-૧૭માં નીચેની વિગતે એક વર્ગમાં જગ્યા મુજબના બે વર્ગનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ નં. | સેન્ટરનું નામ | કુલ બેઠક | બિન અનામત (૫૧%) | | | એસ સી (૭%) | | | એસ ટી (૧૫%) | | | એસસીબીસી (૨૭%) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પુરૂષ | મહિલા (૩૩%) | બિન અનામત કુલ સંખ્યા | પુરૂષ | મહિલા (૩૩%) | એસસી કુલ સંખ્યા | પુરૂષ | મહિલા (૩૩%) | એસસી કુલ સંખ્યા | પુરૂષ | મહિલા (૩૩%) | એસસી બીસી કુલ સંખ્યા |
| ૧ | સ્પીપા અમદાવાદ | ૧૦૦ | ૩૪ | ૧૭ | ૫૧ | ૫ | ૨ | ૭ | ૧૦ | ૫ | ૧૫ | ૧૮ | ૯ | ૨૭ |
| ૨ | આરટીસી અમદાવાદ | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૩ | આરટીસી સુરત | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૪ | આરટીસી મહેસાણા (પાટણ) | ૫૦ | ૧૭ | ૦૯ | ૨૬ | ૨ | ૧ | ૩ | ૫ | ૩ | ૮ | ૯ | ૪ | ૧૩ |
| ૫ | આરટીસી વડોદરા | ૩૦ | ૧૦ | ૦૫ | ૧૫ | ૧ | ૧ | ૨ | ૪ | ૧ | ૫ | ૫ | ૩ | ૮ |
| | | ૨૮૦ | ૯૫ | ૨૨ | ૧૪૪ | ૧૨ | ૭ | ૧૮ | ૨૯ | ૧૫ | ૪૪ | ૫૦ | ૨૪ | ૭૪ |

નોંધ : ઉક્ત સ્પીપા, અમદાવાદ અને તેના નિયંત્રણ હેઠળના ચારેય પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં નિયત થયેલ કુલ સીટો પૈકી ૩ ટકા સીટો શારીરિક વિકલાંગ ઉમેદવારો માટે ભરવાની રહેશે. શારીરિક વિકલાંગ ઉમેદવાર જે કેટેગરીના હોય તેમને તે કેટેગરીમાં ગણવાના રહેશે.

❑ **સંભવિત તાલીમ વર્ગો :**

(૧) પ્રથમ તાલીમ વર્ગ તા. ૦૧/૦૮/૨૦૧૬ થી તા.૩૦/૧૧/૨૦૧૬

(૨) બીજો તાલીમ વર્ગ તા. ૦૧/૧૨/૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭

નોંધ : આ સંથા ખાતે રીનોવેશનની કામગીરી શરૂ હોય આ સંસ્થા ખાતે યોજવામાં આવનાર બંને તાલીમવર્ગ એક સાથે ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે તા.૦૧/૦૯/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ દરમ્યાન યોજવાનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં પણ સમય સંજોગો મુજબ સ્થળ તથા સમયમાં ફેરફાર કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી છે.

❑ **શૈક્ષણિક લાયકાત અને પાત્રતા :**

૧. **શૈક્ષણિક લાયકાત** : કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સિટી/ડીમ્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયેલ હોવા જોઈએ.

૨. **રાષ્ટ્રીયતા** : ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ.

૩. આ તાલીમમાં ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી હોય અથવા જે ઉમેદવારોએ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરી હોય અથવા સ્નાતક કક્ષાની પરીક્ષા ગુજરાતમાંથી પાસ કરેલ હોય અથવા ૧ લી ઓગષ્ટ ૨૦૧૬ પહેલા ગુજરાતમાં પાંચ વર્ષનો સળંગ વસવાટ કરેલ હોય અને હાલ ગુજરાતમાં સ્થાયી હોય તેવા ઉમેદવારો આ તાલીમવર્ગમાં દાખલ થવા માટ લેવામાં આવતી પ્રવેશ પરીક્ષામાં બેસી શકશે.

૪. શારીરિક વિકલાંગ તરીકેની પાત્રતા યુપીએસસી દ્વારા નક્કી કર્યા મુજબ મળવાપાત્ર છે. (11-17 February, 2012 ના Employment News માં આપેલ UPSC ની જોગવાઈ મુજબ)

૫. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગના ઉમેદવારું નોન-ક્રિમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા.૦૧/૦૮/૨૦૧૬ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

❑ **વય મર્યાદા : (તા.૦૧/૦૮/૨૦૧૬ સુધી)**

૧. ઓછામાં ઓછા ૨૦ વર્ષ અને વધુમાં વધુ ૨૮ વર્ષ સુધી,

૨. સામાન્ય વર્ગ (General Category) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે નહિ.

૩. સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

૪. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુ પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

૫. અંધ ઉમેદવાર અને શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં (11-17 February, 2012 ના Employment News માં આપેલ UPSC ની જોગવાઈ મુજબ છૂટછાટ મળવાપાત્ર થશે.

૧. **કેટેગરી** : સામાન્ય વર્ગ (General Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૨૮ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : છૂટછાટ મળવાપાત્ર નથી.

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૮૮ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૨. **કેટેગરી** : સા.શૈ.પ. વર્ગ (SEBC Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૩૧ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : ત્રણ વર્ષ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૮૮ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૩. **કેટેગરી** : અનુસૂચિત જાતિ (SC Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૩૩ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : પાંચ વર્ષ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૮૩ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૪. **કેટેગરી** : અનુસૂચિત જનજાતિ (ST Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૩૩ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : પાંચ વર્ષ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૮૩ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૫. **શારીરિક વિકલાંગ (Blind, Deaf - mute and orthopedically handicapped persons) નોંધ : મળવાપાત્ર ૧૦ વર્ષ છુટછાટ કેટેગરી વાઈસ નીચે મુજબ છે.**

૧. **કેટેગરી** : સામાન્ય વર્ગ (General Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૩૮ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : ઉપરોક્ત કેટગરીવાઈઝ મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધારાની ૧૦ વર્ષની છૂટછાટ યુપીએસસીના નિયમો મુજબ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૭૮ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૨. **કેટેગરી** : સા.શૈ.પ. વર્ગ (SEBC Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૪૧ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : ઉપરોક્ત કેટગરીવાઈઝ મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધારાની ૧૦ વર્ષની છૂટછાટ યુપીએસસીના નિયમો મુજબ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૭૫ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૩. **કેટેગરી** : અનુસૂચિત જાતિ (SC Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૪૧ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : ઉપરોક્ત કેટગરીવાઈઝ મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધારાની ૧૦ વર્ષની છૂટછાટ યુપીએસસીના નિયમો મુજબ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૭૩ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

૪. **કેટેગરી** : અનુસૂચિત જનજાતિ (ST Category)

**પાત્રતા વર્ષ (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : લઘુતમ ૨૦ વર્ષ અને મહત્તમ ૪૩ વર્ષ

**મળવાપાત્ર છૂટછાટ** : ઉપરોક્ત કેટગરીવાઈઝ મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધારાની ૧૦ વર્ષની છૂટછાટ યુપીએસસીના નિયમો મુજબ

**પાત્રતા વર્ષ માટેની ગણતરી (તા. ૧-૮-૨૦૧૬ના રોજ)** : તા. ૨-૮-૧૯૭૩ અથવા ત્યારબાદ જન્મેલા અને તા. ૧-૮-૧૯૯૬ અથવા તે પહેલા જન્મેલા

❑ **પ્રવેશ પરીક્ષા :**

૧. પ્રવેશ પરીક્ષા માટે કોન્ટીટેટીવ એપ્ટીટ્યુડ રિઝનીંગ, જનરલ અવેરનેશ અને ઈંગ્લીશનું મળી કુલ-૨૦૦ માર્કસનું પેપર MCQ (Multiple Choice Question) મુજબ લેવામાં આવશે. જે નીચે મુજબ છે.

૨. હેતુલક્ષી પરીક્ષા (Multiple Choice Question) પેપર :

તા. ૧૯-૬-૨૦૧૬ સમય : ૧૧-૦૦ થી ૧૩-૦૦

વિષય : ૧. કોન્ટીટેટીવ એપ્ટીટ્યુડ - ગુણ-૫૦

*(અનુસંધાન પાન નં. ૭ ઉપર)*

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.*